જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા..૨૫/૯/૨૦૧૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૯૨૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી અને ૩૭ વ્યક્તિઓને ઝડપી ૪૮૧ લીટર દેશી દારૂ, ૩૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૦૮ બિયર ટીન અને ૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૯,૦૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૨૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૮૨૯/૧૫**

**સરખેજ** : મહેરૂનીશા ઉર્ફે શહેનાઝ મહેમુદભાઇ (રહે.સીદ્દીકબાદ કોલોની, અંબર ટાવર સામે, સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૯/૧૫ બપોરના ૧૨/૦૦ થી ૧/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન ઘર નજીકથી અજાણી વ્યક્તિ પોતાની ભાણેજ સુલતાનાબાનુ (ઉ.વ.૧૭) તથા પોતાના પુત્ર આમીન (ઉ.વ.૪) ને લલચાવી ફોસલાવી અપહરણ કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એન.સોલંકી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૯૩૦/૧૫**

**ચાંદખેડા :** વિવેક રાજનાથસિંહ રાજપુત (રહે.એટલાન્ટીકપાર્ક, અગોરા મોલની બાજુમાં, ચાંદખેડા) એ તા.૨૪/૯/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૮/૧૫ બપોરનાં ૩/૦૦ થી તા.૨૪/૮/૧૫ સવારનાં ૧૦/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાની વિસત ગાંધીનગર હાઇ-વે, શુકન મોલ ખાતે આવેલ દુકાનનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, એલ.ઇ.ડી. નંગ-૬, કિ-બોર્ડ, માઉસ, હાર્ડ ડિસ્ક, મધરબોર્ડ, રેમ અને બારીઓનાં પડદાં નંગ-૪ મળી કુલ રૂપિયા ૯૭,૨૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૯૩૧/૧૫**

**વટવા :** લીલાબહેન મફાભાઇ (ઉ.વ.૬૫)(રહે.કાંગ સીયાવાસ, સપના ટોકિઝ પાસે, સરખેજ) તા.૨૩/૯/૧૫ સાંજનાં ૬/૪૫ વાગ્યાના સુમારે નારોલ જી.ઇ.બી. સબસ્ટેશન સામેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન અજાણ્યા મોટર સાયકલ ચાલકે લીલાબહેનને ટક્કર મારતાં, માથાનાં ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર લીલાબહેનનાં પુત્ર વિજયભાઇએ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)